Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



Make Safety Your Top Priority



Application for KSB Make Fire Fighting Pumps
- Industries & Factories
- Commercial & Residential Buildings
- Hospitals, Hotels, Malls, Schools & Colleges

Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ વદ છઠ, ગુરુવાર ૮ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૬૫

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦


# ટ્રમ્પનું નવું નિશાનઃ ગ્રીનલેન્ડ પર સૈન્ય કબજાની ધમકી

**વ્હાઈટ** હાઉસે ગ્રીનલેન્ડને કબજે કરવા માટેનું નિવેદન બહાર પાડ્યું

**ડેનમાર્કના** વડા પ્રધાને ગ્રીનલેન્ડને બળજબરીથી કબજે કરવા સામે ચેતવણી આપી

**બ્રિટેન**, ફ્રાન્સ સહિત યુરોપના દેશોએ ડેનમાર્કને સમર્થન આપ્યું

**વોશિંગ્ટન, તા. 7:** ટ્રમ્પ વહીવટીતંત્રે નાટો સાથી દેશ ડેનમાર્ક સાથેના તણાવને વધારતા અમેરિકી સૈન્યનો ઉપયોગ કરીને ગ્રીનલેન્ડ પર કબજો કરવાની ધમકી આપી છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના વરિષ્ઠ સલાહકારો આ ડેનિશ પ્રદેશને ખરીદવા અથવા તેના સંરક્ષણની જવાબદારી સંભાળવા જેવી યોજનાઓ પર ગંભીરતાથી વિચાર કરી રહ્યા છે. વ્હાઈટ હાઉસે ચેતવણીભર્યા લહેજામાં કહ્યું છે કે અમેરિકી સૈન્યનો ઉપયોગ કરવો એ હંમેશા એક વિકલ્પ છે અને નાટો નેતાઓના વિરોધ છતાં આ મુદ્દો શાંત થવાનો નથી. તાજેતરમાં વેનેઝુએલામાં નિકોલસ માદુરોની સફળ ધરપકડ બાદ ટ્રમ્પે ફરીથી ગ્રીનલેન્ડ પર આક્રમણ કરવાની ધમકી આપતા અમેરિકાના સાથી દેશોમાં ભારે નિરાશા છવાઈ છે.

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે જણાવ્યું હતું કે, આર્કટિક ક્ષેત્રમાં ચીન અને રશિયાના વધતા જોખમો સામે નાટોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવું એ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષાની પ્રાથમિકતા છે. ટ્રમ્પે સંકેત આપ્યો છે કે વેનેઝુએલાની સ્થિતિ સ્થિર થયા બાદ આગામી બે મહિનામાં ગ્રીનલેન્ડ અંગે મોટો નિર્ણય લેવામાં આવી શકે છે. જોકે, ડેનમાર્કના વડા પ્રધાન મેટ ફ્રેડરિક્સને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો બળજબરીથી આ પ્રદેશને કબજે કરવાનો પ્રયાસ કરવામાં આવશે, તો તે નાટો લશ્કરી જોડાણનો અંત હશે.

યુરોપના અગ્રણી નેતાઓ પણ ડેનમાર્કના સમર્થનમાં આવ્યા હતાં. અગાઉ બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારમર અને ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સહિત જર્મની, ઈટાલી અને સ્પેનના નેતાઓએ સંયુક્ત નિવેદન બહાર પાડી ગ્રીનલેન્ડની પ્રાદેશિક અખંડિતતાની રક્ષા કરવાની પ્રતિજ્ઞા લીધી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે ગ્રીનલેન્ડ તેના લોકોનું છે અને તે અંગેના તમામ નિર્ણયો લેવાનો અધિકાર માત્ર ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ પાસે જ છે. બીજી તરફ, ટ્રમ્પ 'ડોનરો સિદ્ધાંત' હેઠળ આર્કટિક સર્કલ પરના આ મહત્વપૂર્ણ ભૌગોલિક વિસ્તાર પર અમેરિકી ઝંડો લહેરાવવા માટે મક્કમ દેખાઈ રહ્યા છે.

## વિવાદના મુખ્ય પાસાઓઃ કોણ શું કહે છે?

| પક્ષ | વલણ / પ્રતિક્રિયા |
|---|---|
| ડોનાલ્ડ ટ્રમ્પ | ગ્રીનલેન્ડ ખરીદવું અથવા સૈન્યના જોરે કબજે કરવું એ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષાની પ્રાથમિકતા છે. |
| ડેનમાર્ક | આ પ્રદેશ અમારો છે. બળજબરી થશે તો નાટો (NATO)ના અંતની શરૂઆત હશે. |
| યુરોપિયન યુનિયન | બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીએ સંયુક્ત રીતે ગ્રીનલેન્ડની અખંડિતતા જાળવવાની પ્રતિજ્ઞા લીધી. |
| વ્હાઇટ હાઉસ | રશિયા અને ચીનના વધતા પ્રભાવને રોકવા માટે આર્કટિક સર્કલ પર અમેરિકી ઝંડો જરૂરી છે. |

## "ઈરાન આગલું નિશાન બની શકે છે, જે વેનેઝુએલા કરતાં પણ વધુ ભયાનક હશે": જેફરી સૅક્સની ચેતવણી

વિખ્યાત અર્થશાસ્ત્રી જેફરી સેક્સ દ્વારા ભયાનક આગાહી થઈ છે. વેનેઝુએલાના રાષ્ટ્રપતિની ધરપકડ બાદ ડોનાલ્ડ ટ્રમ્પનું હવે પછીનું પગલું ઈરાન તરફ હોઈ શકે છે. તેમણે ચેતવણી આપી છે કે ઈરાન સામેનો સંઘર્ષ વેનેઝુએલા કરતા ઘણો વધુ "ગરમ" અને હિંસક હોઈ શકે છે. સેક્સે અમેરિકાની આકરી ટીકા કરતા તેને એક એવા "રખડુ રાજ્ય" તરીકે ઓળખાવ્યું છે જ્યાં કોઈ બંધારણીય વ્યવસ્થા બાકી નથી. તેમના મતે, અમેરિકા પોતાની મરજી મુજબ આંતરરાષ્ટ્રીય કાયદાઓ તોડી રહ્યું છે.તેમણે ઘટસ્ફોટ કર્યો કે અમેરિકા દાયકાઓથી ગુપ્ત રીતે અન્ય દેશોમાં સત્તા પલટો (Regime Change) કરવાની કામગીરી કરી રહ્યું છે, જે હવે ખુલ્લેઆમ સપાટી પર આવી રહી છે.

## હવે કોનો વારો? માદુરો બાદ ટ્રમ્પનું નિશાન ગ્રીનલેન્ડ અને ક્યુબા પર

નવો વળાંકઃ ન્યૂયોર્કની કોર્ટમાં વેનેઝુએલાના પ્રમુખને ડ્રગ ટ્રાફિકિંગના કેસમાં ઉભા રાખ્યા બાદ, ટ્રમ્પ સરકાર હવે પડોશી દેશો અને વિશ્વના અન્ય ભાગોમાં સૈન્ય તાકાતનો ઉપયોગ કરવા માટે વધુ આક્રમક બની છે. સંભવિત લક્ષ્યોઃ નિષ્ણાતોના મતે, ટ્રમ્પના આગામી નિશાન પર ડેનમાર્ક હસ્તકનું ગ્રીનલેન્ડ અને સામ્યવાદી દેશ ક્યુબા છે. આ ઉપરાંત ઈરાન, મેક્સિકો અને કોલંબિયાના નામોની પણ ચર્ચા છે. ટ્રમ્પનો નવો સિદ્ધાંતઃ ૨૦મી સદીના 'મોનરો સિદ્ધાંત' (Monroe Doctrine)ને ટ્રમ્પે નવો ઓપ આપ્યો છે. ડિસેમ્બર ૨૦૨૫ની રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચના મુજબ, અમેરિકા પોતાના નાગરિકોના હિત અને કલ્યાણ માટે પશ્ચિમી ગોળાર્ધના કોઈપણ સાર્વભૌમ દેશ સામે સૈન્ય કાર્યવાહી કરવાને વાજબી ઠેરવે છે.

# વેનેઝુએલા અમેરિકાને 3-5 કરોડ બેરલ તેલ આપશેઃ ટ્રમ્પ

**આ** તેલના વેચાણથી થયેલી આવક પર પ્રમુખ તરીકે ટ્રમ્પનું સીધું નિયંત્રણ રહેશે, તેનો ઉપયોગ વેનેઝુએલા તથા અમેરિકાના લોકોના હિત માટે કરાશે

કારકાસ (વેનેઝુએલા), તા. 7 (એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલા સાથે એક મહત્વપૂર્ણ સમજૂતીની જાહેરાત કરી છે કે વેનેઝુએલાની 'અંતરિમ સરકાર' અમેરિકાને 3થી 5 કરોડ બેરલ ઉચ્ચ ગુણવત્તાનું તેલ બજાર ભાવે આપશે.

આ તેલ બજાર કિંમતે વેચવામાં આવશે, જેની અંદાજિત કિંમત 2 અબજ ડોલર હોઈ શકે છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે આ વેચાણમાંથી મળનારા નાણાં પર પ્રમુખ તરીકે તેમનું સીધું નિયંત્રણ રહેશે અને તેનો ઉપયોગ વેનેઝુએલા તથા અમેરિકાના લોકોના હિત માટે કરવામાં આવશે. આ યોજનાના તાત્કાલિક અમલીકરણ માટે તેમણે ઊર્જા સચિવ ક્રિસ રાઈટને આદેશ આપ્યો છે.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે થોડા દિવસ પહેલાં જ અમેરિકી સૈન્યના એક ગુપ્ત ઓપરેશનમાં વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોની ધરપકડ કરવામાં આવી છે. વેનેઝુએલાના અધિકારીઓએ જણાવ્યા મુજબ આ કાર્યવાહી દરમિયાન 24 સુરક્ષાકર્મીઓનાં મોત થયાં હતાં, જ્યારે ક્યુબાએ પણ તેના 32 જવાનોનાં મોતના અહેવાલ આપ્યા છે.

પેન્ટાગોને જણાવ્યું કે આ ઓપરેશનમાં સાત અમેરિકી સૈનિકો પણ ઘાયલ થયા છે. માદુરોની ધરપકડ બાદ ડેલ્સી રોડ્રિગ્ઝે કાર્યકારી પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યો છે, જોકે ટ્રમ્પે તેમને ચેતવણી આપી છે કે જો તેઓ અમેરિકી હિતો મુજબ કામ નહીં કરે તો તેમણે ગંભીર પરિણામો ભોગવવા પડશે.

ટ્રમ્પે આ સૈન્ય ઓપરેશનની ટીકા કરનાર ડેમોક્રેટ્સ પર પણ નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે વર્ષોથી જે નેતાની શોધ હતી તેને પકડવા બદલ તેમને યશ મળવો જોઈએ. વ્હાઈટ હાઉસ હવે વેનેઝુએલાના ઊર્જા માળખાને ફરીથી બેઠું કરવા માટે એક્સોન, શેવરોન અને કોનોકોફિલિપ્સ જેવી મોટી તેલ કંપનીઓના એક્ઝિક્યુટિવ્સ સાથે બેઠક યોજવાનું આયોજન કરી રહ્યું છે.

ટ્રમ્પનું માનવું છે કે 18 મહિનાની અંદર વેનેઝુએલામાં લોકશાહી ઢબે નવા પ્રમુખની ચૂંટણી થાય ત્યાં સુધી અમેરિકા આ પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ભજવશે. કારકાસના માર્ગો પર લોકો સરકાર સાથે એકતા દર્શાવવા રાષ્ટ્રીય ધ્વજ સાથે દેશભક્તિના ગીતો પર નૃત્ય કરતા જોવા મળ્યા છે.

## દિલ્હી ડાયરી

### આસામમાં શહીદોને શ્રદ્ધાંજલિ આપનારા મોદી 'પ્રથમ વડા પ્રધાન'!

કોઈ કામને સૌથી પહેલા કરવાનો શ્રેય લેવાની ભાજપની વૃત્તિ એવી છે કે તે હંમેશાં તથ્યોને તોડી-મરોડીને રજૂ કરે છે. ઉદાહરણ તરીકે, આસામના કેટલાક ભાજપના મંત્રીઓએ તાજેતરમાં કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી ગયા ૨૧ ડિસેમ્બરના રોજ થયેલા આંદોલનના શહીદોના ગુવાહાટી સ્થિત સમારક ક્ષેત્રમાં શ્રદ્ધાંજલિ આપનારા 'પ્રથમ વડા પ્રધાન' છે. જેમ બહાર આવ્યું તેમ, તે હકીકતમાં સાચું હતું પરંતુ તેમણે જે ઉલ્લેખ કર્યો ન હતો તે એ હતું કે આ સ્મારકનું ઉદ્ઘાટન મોદીની મુલાકાતના થોડા દિવસો પહેલા મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા દ્વારા ૧૦ ડિસેમ્બરના રોજ જ કરવામાં આવ્યું હતું. જોકે, ૨૦૧૪થી વડા પ્રધાનમાં કોઈ ફેરફાર થયો નથી, તેથી સ્વાભાવિક છે કે મોદી શ્રદ્ધાંજલિ આપનારા અથવા સ્થળની મુલાકાત લેનારા પ્રથમ વડા પ્રધાન હશે. ભાજપના એક નિરીક્ષકે મજાકમાં કહ્યું, ''ભાજપના આસામ એકમને પૂછવું જોઈએ કે મોદી નહીં, તો કોણ?'' આવા દાવા કરતા પહેલા યોગ્ય તપાસ કરવી જોઈએ. મહત્ત્વનું એ છે કે, કામ કેવું કરવામાં આવ્યું, નહીં કે પહેલો કોણ કે બીજો કોણ. ટોચ પર બેઠેલા ભાજપના વર્તમાન નેતાઓ માટે શિષ્ટાચાર અને તથ્યો મહત્ત્વના નથી. સત્યને દબાવવા અને તથ્યોને ખોટી રીતે રજૂ કરવા છતાં શ્રેય લેવાની તેમની ભૂખ અતૃપ્ત રહે છે.

### ચૂંટણીવાળા રાજ્ય આસામમાં ભાજપના નેતાઓની મુલાકાતો

ભાજપના રાષ્ટ્રીય નેતાઓની આસામ મુલાકાત, જે હાલમાં

...અનુસંધાન પાના 11 પર

### નવો નવો પ્રેમઃ ૨૯ જાન્યુઆરીથી ઢાકા-કરાચી વચ્ચે શરૂ થશે 'લવ-ફ્લાઇટ'

# બાંગ્લાદેશ-પાકિસ્તાન વચ્ચે 12 વર્ષ બાદ સીધી વિમાન સેવા શરૂ થશે

**ઢાકા** અને કરાચી વચ્ચેનું અંતર કાપવા માટે વિમાન ભારતીય હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કરશે

**29 જાન્યુઆરીથી** આ સેવા શરૂ થશે

**હાલમાં** બંને દેશો વચ્ચે મુસાફરી કરવા માટે લોકોને દુબઈ અથવા દોહા જેવા શહેરોમાંથી કનેક્ટિંગ ફ્લાઇટ લેવી પડે છે

ઢાકા, તા. 7 (પીટીઆઈ): બાંગ્લાદેશની રાષ્ટ્રીય વિમાની કંપની 'બિમાન બાંગ્લાદેશ એરલાઈન્સ' આગામી 29 જાન્યુઆરીથી ઢાકા અને પાકિસ્તાનના કરાચી શહેર વચ્ચે સીધી ફ્લાઈટ સેવા ફરી શરૂ કરવા જઈ રહી છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, દાયકાઓથી ચાલી રહેલા રાજદ્વારી તણાવ બાદ બંને દેશો વચ્ચે વ્યાપાર, પ્રવાસન અને લોકો વચ્ચેના સંપર્કને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. શરૂઆતમાં આ સેવા સપ્તાહમાં બે દિવસ (ગુરુવાર અને શનિવાર) ઉપલબ્ધ રહેશે. વર્ષ 2024માં શેખ હસીના સરકારના પતન બાદ બદલાયેલા રાજકીય સમીકરણો વચ્ચે આ હવાઈ જોડાણ પુનઃસ્થાપિત થઈ રહ્યું છે. એરલાઈન્સના નિવેદન

...અનુસંધાન પાના 11 પર

### જૂની દુશ્મની, નવી દોસ્તી અને સેકન્ડ હેન્ડ વિમાન

# પાકિસ્તાને બાંગ્લાદેશને ભટકાડવા કાઢ્યું પોતાનું 'ભારત-પ્રૂફ' JF-17 જેટ!

**ચીનનું** એન્જિન અને પાકિસ્તાનનું લેબલ! જેએફ-17 થંડર એ ચીન અને પાકિસ્તાન દ્વારા સંયુક્ત રીતે વિકસિત મલ્ટી-રોલ કોમ્બેટ એરક્રાફ્ટ છે

**બાંગ્લાદેશના** સૈન્ય પ્રતિનિધિમંડળની પાકિસ્તાનમાં એર ચીફ માર્શલ સાથે બેઠક થઈ હતી



લાહોર, તા. 7 (પીટીઆઈ): બાંગ્લાદેશે પાકિસ્તાન પાસેથી જેએફ-17 થંડર ફાઈટર જેટ ખરીદવામાં સંભવિત રુચિ વ્યક્ત કરી છે. એમ સેનાએ બુધવારે જણાવ્યું હતું. જોકે બાંગ્લાદેશે હજુ સુધી આવી કોઈ યોજનાની પુષ્ટી કરી નથી.

જેએફ-17 થંડર એ ચીન અને પાકિસ્તાન દ્વારા સંયુક્ત રીતે વિકસિત બહુ-ભૂમિકા ધરાવતું લડાયક વિમાન છે.

પાકિસ્તાનનો દાવો છે કે, આ ફાઈટર જેટે મે 2025માં ભારત સાથેના ચાર દિવસીય સૈન્ય સંઘર્ષ દરમિયાન તેની લડાયક ક્ષમતાઓ સાબિત કરી છે. પણ તેની અસરકારકતા અંગે સ્પષ્ટ માહિતી નથી.

મંગળવારે ઈસ્લામાબાદમાં બાંગ્લાદેશ વાયુસેનાના એર ચીફ માર્શલ હસન મહમૂદ ખાન અને પાકિસ્તાન વાયુસેના (પીએએફ) એર ચીફ માર્શલ ઝહીર અહેમદ બાબર સિદ્ધુ વચ્ચેની બેઠક દરમિયાન ઢાકાએ આ લડાકુ વિમાન ખરીદવામાં રસ દાખવ્યો હતો, એમ પાકિસ્તાની સૈન્યના મીડિયા વિંગે જણાવ્યું હતું.

'આ બેઠકમાં તાલીમ, ક્ષમતા નિર્માણ અને એરોસ્પેસ પ્રગતિમાં સહયોગ પર ભાર મૂકતાં ઓપરેશનલ સહયોગ અને સંસ્થાકીય તાલમેળને

...અનુસંધાન પાના 11 પર

### અમેરિકન ટેરિફ છતાં ભારતનો દબદબો

# GDP 7.4%ના દરે વધવાનો સરકારનો અંદાજ

**વૈશ્વિક** પડકારો વચ્ચે પણ ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર જળવાઈ રહેશે; મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરમાં શાનદાર રિકવરી

નવી દિલ્હી, તા. 7 જાન્યુઆરી (PTI): અમેરિકા દ્વારા લાદવામાં આવેલા આકરા ટેરિફ અને ભૌગોલિક રાજકીય તણાવ છતાં, ભારતીય અર્થતંત્ર ચાલુ નાણાકીય વર્ષમાં 7.4 ટકાના દરે વૃદ્ધિ પામશે તેવો અંદાજ છે. આ આંકડા સાથે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્ર તરીકે પોતાનું સ્થાન જાળવી રાખશે.

આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા બુધવારે જાહેર કરવામાં આવેલા પ્રથમ આગોતરા અંદાજ મુજબ, વર્ષ 2025-26 માટે GDP વૃદ્ધિ દર 7.4 ટકા રહેવાની ધારણા છે. આ આંકડો ભારતીય રિઝર્વ બેંકના 7.3 ટકાના અંદાજ અને સરકારના પ્રારંભિક 6.3-6.8 ટકાના અંદાજ કરતા ઘણો વધુ છે.

નોંધનીય છે કે ગત નાણાકીય વર્ષમાં અર્થતંત્રનો વિકાસ દર 6.5 ટકા રહ્યો હતો.

ભારતીય અર્થતંત્રની આ મજબૂતી ત્યારે જોવા મળી છે જ્યારે અમેરિકાએ ભારતીય વસ્તુઓ પર 50 ટકા જેટલો ટેરિફ લાદ્યો છે. મોદી સરકારે આ પડકારોનો સામનો કરવા માટે GST માળખામાં સુધારા, મજૂર કાયદામાં ફેરફાર અને આવકવેરામાં રાહત જેવા પગલાં લીધા છે. વ્યાજદરમાં

...અનુસંધાન પાના 11 પર

### ભાજપ-કોંગ્રેસની દોસ્તી જોઈને શિંદે-ફડણવીસને આવ્યા ચક્કર!

# ગઠબંધનનો 'ગોટાળો': ભાજપે કોંગ્રેસ-AIMIM સાથે માંડ્યો સંસાર

**મહારાષ્ટ્રમાં** સ્થાનિક નેતાઓના આ પગલાંને ભાજપના રાજ્ય નેતૃત્વએ નામંજૂર કર્યું, સાથી શિવસેના અને વિરોધ પક્ષોએ ટીકા કરી

**ભાજપે** જોડાણમાંથી સાથી શિવસેનાને બાકાત રાખ્યું કોંગ્રેસે તેના 12 કાઉન્સિલરોને સસ્પેન્ડ કર્યાં



મુંબઈ, તા. 7 (પીટીઆઈ): એક આશ્ચર્યજનક પગલામાં, ભાજપે મહારાષ્ટ્રની બે મ્યુનિસિપલ કાઉન્સિલોમાં કોંગ્રેસ અને એઆઈએમઆઈએમ સાથે ચૂંટણી પછીનું જોડાણ કર્યું, જેનાથી શાસક પક્ષો અને વિપક્ષી પક્ષોના રાજ્ય નેતૃત્વ રોષે ભરાયું હતું, આ ઘટનાક્રમ બાદ આ સ્થાનિક સંસ્થાઓમાંથી એકમાં કોંગ્રેસે 12 નવા ચૂંટાયેલા કાઉન્સિલરોને સસ્પેન્ડ કર્યા હતા.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે આવી વ્યવસ્થા પક્ષના નેતૃત્વ દ્વારા મંજૂર કરવામાં આવી નથી અને તે શિસ્તનો ભંગ છે, જ્યારે ભાજપના સાથી શિવસેનાએ તેને ગઠબંધન ધર્મ સાથે દગો ગણાવ્યો.

20 ડિસેમ્બરે યોજાયેલી સ્થાનિક ચૂંટણીઓ પછી, ભાજપે અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલમાં નેતૃત્વનું નિર્માણ કરવા 'અંબરનાથ વિકાસ અઘાડી'ના બેનર હેઠળ તેના કટ્ટર હરીફ કોંગ્રેસ અને અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) સાથે હાથ મિલાવ્યા અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની સાથી શિવસેનાને બાજુ પર રાખી હતી.

ભાજપે અકોલા જિલ્લાની અકોટ મ્યુનિસિપલ કાઉન્સિલમાં અસદુદ્દીન ઓવૈસીની આગેવાની હેઠળની ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) અને અન્ય પક્ષો સાથે પણ આવું જ જોડાણ કર્યું.

રોષે ભરાયેલા કોંગ્રેસે બુધવારે અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલમાં તેના 12 નવા ચૂંટાયેલા કાઉન્સિલરોને

...અનુસંધાન પાના 11 પર

# રખડતા કૂતરા મુદ્દે સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

**કૂતરાના** કરડવાથી જ નહીં પણ માર્ગ અકસ્માતોના કારણે પણ લોકોનાં જીવ જઈ રહ્યા છે

**કોઈ** પણ જાણી શકતું નથી કે કૂતરું કરડવાના મૂડમાં છે કે નહીં

**માર્ગો** કૂતરાં મુક્ત થવા જોઈએ

**શાળાઓ**, હોસ્પિટલો અને કોર્ટ પરિસર જેવા સંસ્થાકીય વિસ્તારોમાં રખડતા કૂતરાઓની શું જરૂર છે



નવી દિલ્હી, તા. 7 (પીટીઆઈ): નાગરિક સંસ્થાઓ દ્વારા નિયમોનું અને નિર્દેશોનું પાલન ન કરવાના મુદ્દાને ઉઠાવતા સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું હતું કે દેશમાં લોકો માત્ર કૂતરાંના કરડવાથી નથી મરી રહ્યા પણ માર્ગો પર રખડતાં પશુઓના કારણે થતાં અકસ્માતના કારણે પણ મરી રહ્યા છે.

સુપ્રીમ કોર્ટમાં બુધવારે રખડતા કૂતરા અને પશુઓના મુદ્દે અઢી કલાક સુધી લાંબી સુનાવણી ચાલી હતી. જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની બેન્ચે ગંભીર સવાલો ઉઠાવતા પૂછ્યું હતું કે, રખડતા કૂતરાઓના કારણે સામાન્ય જનતાએ ક્યાં સુધી હાલાકી ભોગવવી પડશે? કોર્ટે સ્પષ્ટ કર્યું કે તેમનો આદેશ માત્ર રસ્તાઓ માટે નથી, પરંતુ માત્ર શાળાઓ, હોસ્પિટલો અને કોર્ટ પરિસર જેવા સંસ્થાકીય વિસ્તારો માટે પણ છે. બેન્ચે સવાલ કર્યો કે આવી જગ્યાઓ પર રખડતા કૂતરાઓની શું જરૂર છે?

...અનુસંધાન પાના 11 પર

### હવે તો માત્ર કૂતરાંઓને કાઉન્સલિંગ આપવાનું બાકી છેઃ સુપ્રીમ

સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ કપિલ સિબલે રખડતા કૂતરાઓના પક્ષમાં દલીલ કરતા 'સીએસવીઆર' (નસબંધી અને રસીકરણ કરી છોડી દેવા) મોડેલ અપનાવવા સૂચન કર્યું હતું. આના પર કોર્ટે કટાક્ષમાં કહ્યું કે, 'હવે તો માત્ર એક જ વસ્તુ બાકી છે, કૂતરાઓને કાઉન્સેલિંગ આપવું, જેથી મુક્ત થયા પછી તેઓ કોઈને કરડે નહીં.' સિબલે કહ્યું કે તેઓ મંદિરોમાં જાય છે ત્યારે તેમને ક્યારેય કૂતરાએ કરડ્યો નથી, ત્યારે કોર્ટે વળતો જવાબ આપ્યો કે તમે નસીબદાર છો, પરંતુ હકીકત એ છે કે લોકો અને બાળકો સતત આનો શિકાર બની રહ્યા છે.

### તા. ૦૭-૦૧-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૭.૬° સે. | ૧૪.૬° સે. | ૫૯% |